**સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ થાય તો મોટી પોલ બહાર આવે**

## ધાનપુર તાલુકાના ભોરવા ગામે સરકારી અનાજના સગેવગેનો પર્દાફાશ, ગ્રામજનોમાં રોષ

ગરીબોના હક પર ડાકો મારનાર તત્વો સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ




(પ્રતિનિધિ) દાહોદ, તા.9
ધાનપુર તાલુકાના ભોરવા ગામમાં ગરીબોને મળતું સરકારી સસ્તા અનાજનું ગેરકાયદેસર સગેવગે થતું હોવાની ગંભીર ઘટના સામે આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ ભોરવા-2 સસ્તા અનાજની દુકાનના દુકાનદાર પટેલ નર્વતભાઈ ધીરસિંગભાઈ દ્વારા સરકારનું અનાજ અન્ય જગ્યાએ વેચાણ માટે લઈ જવાતું હોવાના આક્ષેપો થયા છે.

ગામના જાગૃત નાગરિકોને શંકા જતા તેઓએ નજર રાખી હતી. દરમિયાન પીકઅપ બોલેરો નંબર GJ20X0206 માં સરકારી અનાજ ભરી ગામની બાજુમાં આવેલી દુકાને લઈ જવાતું હોવાની માહિતી મળી હતી. ગ્રામજનોએ સતર્કતા દાખવી ગાડી અટકાવી તપાસ કરતા સરકારી અનાજનો જથ્થો મળી આવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો.ઘટનાને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગરીબ અને હકદાર લોકોને મળતું અનાજ સગેવગે થતું હોવાના આક્ષેપો વચ્ચે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. ગ્રામજનોએ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી ભોરવા-2 પરવાના નંબર 16336 ધરાવતા દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ગરીબોના હક પર ડાકો મારનાર તત્વો સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉગ્ર બની છે.

**રોપ-વે મારફતે ડુંગર ઉપર પહોંચાડાયું પાંજરું**

## પાવાગઢ ડુંગર પર દીપડાનો આતંક : વન વિભાગે પાંજરુ મૂકી શરૂ કર્યું ઓપરેશન

સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ થતા વન વિભાગ દોડતું થયું



(પ્રતિનિધિ) હાલોલ, તા.9
યાત્રાધામ પાવાગઢ ડુંગર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની હલચલ જોવા મળતા સ્થાનિકો તેમજ યાત્રાળુઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. જંગલ વિસ્તાર અને છાસિયા તળાવ આસપાસ સાંજના સમયે દીપડો નિર્ભય રીતે ફરી રહ્યો હોવાના વિડિયો સ્થાનિકોએ મોબાઈલમાં કેદ કર્યા હતા, જે સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર વિસ્તારમાં ચિંતા વ્યાપી ગઈ હતી. દીપડાની હાજરીને કારણે ખાસ કરીને પાવાગઢ આવતા શ્રદ્ધાળુઓમાં સુરક્ષાને લઈને પ્રશ્નો ઉભા થયા હતા. ઘટના અંગે માહિતી મળતા હાલોલ વન વિભાગ તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. વન વિભાગની ટીમે સ્થાનિક લોકો અને ગામના સરપંચ સાથે ચર્ચા કરીને દીપડાની હલચલ અંગે માહિતી એકત્રિત કરી હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દીપડાને પકડવા માટે ખાસ પાંજરું ગોઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ડુંગરાળ વિસ્તાર હોવાને કારણે પાંજરું ઉપર પહોંચાડવામાં ભારે મુશ્કેલી પડી હતી. જેના કારણે માલસામાન લઈ જવા માટે કાર્યરત રોપ-વેની મદદ લેવામાં આવી હતી. રોપ-વે મારફતે પાંજરું ડુંગર ઉપર પહોંચાડ્યા બાદ સ્થાનિક લોકોની મદદથી તેને મંદિર પાછળ આવેલા સમાધિ વિસ્તાર સુધી લઈ જઈ ગોઠવવામાં આવ્યું હતું. વન વિભાગની આ કામગીરી બાદ સ્થાનિકોમાં થોડી રાહતની લાગણી જોવા મળી રહી છે. લોકો આશા વ્યક્ત કરી રહ્યા છે કે દીપડાને વહેલી તકે સુરક્ષિત રીતે પકડી લેવામાં આવશે જેથી યાત્રાળુઓ અને સ્થાનિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

**રાસાયણિક અને જંતુનાશકો ખાતરનો વધુ પડતો નુકસાનકારક છે**

## ચોસાલા ગામે પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન અંતર્ગત તાલીમ કેમ્પ યોજાયો

ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી ખર્ચ ઘટાડવા અને જમીનની ઉપજક્ષમતા વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



(પ્રતિનિધિ) દાહોદ, તા.9
દાહોદ જિલ્લાના ચોસાલા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન અંતર્ગત તાલીમ અને માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃત કરી રાસાયણિક ખેતીના વિકલ્પ રૂપે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા પ્રેરિત કરવાનો હતો. આ અવસરે દાહોદના બ્લોક ટેકનોલોજી મેનેજર શ્રી મયંક સુથાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ મુદ્દાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ઉર્વરાશક્તિ જળવાઈ રહે છે,

ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે અને ખેડૂતોને સ્વચ્છ તથા ગુણવત્તાસભર પાક પ્રાપ્ત થાય છે. સાથે જ પર્યાવરણનું સંરક્ષણ કરવામાં પણ પ્રાકૃતિક ખેતી મહત્વપૂર્ણ સાબિત થાય છે. તાલીમ દરમિયાન જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદન તેમજ દેશી ગાય આધારિત ખેતી પદ્ધતિ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોને રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી થતી હાનિ અંગે પણ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ સાથે પ્રાકૃતિક ખેતીને વધુ અસરકારક રીતે કેવી રીતે અમલમાં મૂકી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**કાલોલમાં IPL સટ્ટા પર કાલોલ પોલીસની ત્રાટકી**

## દિલ્હી-કોલકતા મેચ ઉપર ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમાડતો બુકી ઝડપાયો

**પોલીસે** રૂ.11,500નો મુદ્દામાલ ઝડપ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.9
2026ની IPL સિઝનમાં દિલ્હી કેપિટલ્સ અને કોલકતા નાઈટ રાઈડર્સ વચ્ચેની T20 મેચ પર ક્રિકેટ સટ્ટો રમાડતા એક બુકીને કાલોલ પોલીસે ઝડપી પાડ્યો છે.જ્યારે બીજો આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે. કાલોલ પોલીસને મળેલી બાતમીના આધારે દરોડો પાડતા આરોપી અરવિંદભાઈ ઉર્ફે નાનો શંકરભાઈ સોલંકી રહે. ઓમકારેશ્વર સોસાયટી કાલોલને ઝડપી લેવાયો હતો. આરોપી મોબાઈલમાં લાઈવ ગુરુ એપ્લિકેશન દ્વારા દિલ્હી-કોલકતા વચ્ચેની 20 ઓવરની મેચના સેશનના ભાવતાલ તેમજ રન બોલ વાઈઝ સટ્ટો લખાવતો હતો. પોલીસે આરોપી પાસેથી અંગઝડતીના રોકડા રૂ.1500/- એક મોબાઈલ ફોન કિ.રૂ.10,000/- તથા સટ્ટાના આંકડાવાળો એક કાગળ મળી કુલ રૂ. 11,500/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલ બીજો આરોપી યાસીનભાઈ અબ્બાસભાઈ વ્હોરા રહે.જલારામ નગર, આસોજ તાલુકા સાવલી રેડ દરમિયાન હાજર મળી આવ્યો ન હતો. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ઘુસર ગામે ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ ઉપર હુમલો કરનાર ઝડપાયા



(પ્રતિનિધિ) કાલોલ, તા.9
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન અટકાવવા ગયેલી ખાણ ખનિજ વિભાગની ટીમ પર થયેલા હિંસક હુમલાના કેસમાં વેજલપુર પોલીસ દ્વારા અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ ગુનામાં સંડોવાયેલા કુલ-૦૭ આરોપીઓને ઝડપી પાડી, પોલીસ દ્વારા આજે તેઓને ઘટના સ્થળે લઈ જઈ ગુનાનું રી-કન્સ્ટ્રક્શન (Reconstruction) કરવામાં આવ્યું હતું. તપાસના ભાગરૂપે, આરોપીઓએ કઈ રીતે અધિકારીઓ પર હુમલો કર્યો અને કયા સાધનોનો ઉપયોગ કર્યો હતો તે તમામ પાસાઓની ઘટના સ્થળે ઝીણવટભરી તપાસ કરી મહત્વના પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. સરકારી કર્મચારીઓ પર હુમલો કરી કાયદો હાથમાં લેનારા આ શખ્સોને પોલીસે સ્થળ પર જ કાયદાનું ભાન કરાવ્યું છે. આ ઉપરાંત, પકડાયેલા તમામ આરોપીઓની ગેરકાયદેસર મિલકતોની પણ તપાસ હાથ ધરવામાં આવશે અને તેને વહીવટી પ્રક્રિયા દ્વારા દૂર કરવાની કડક કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે. સમાજમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને અસામાજિક તત્વોમાં સરકારી તંત્રનો ડર જળવાય તે હેતુથી વેજલપુર પોલીસ દ્વારા આ આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**પકડાયેલા આરોપીઓ**

(1) વિક્રમ જોગાભાઇ ભરવાડ
(2) મનીષ પોપટભાઇ ભરવાડ
(3) મેહુલ પોપટભાઇ ભરવાડ
(4) રાહુલ ઝાલાભાઇ ભરવાડ
(5) યુવરાજસિંહ ઉર્ફે પ્રફૂલ પટેલ
(6) વિક્રમ કાન્તીભાઇ રાઠવા
(7)યુવરાજ રાજેન્દ્રસિંહ બારીઆ
(તમામ રહે.ઘુસર તા. કાલોલ)

**દાહોદના રળીયાતી હત્યાકાંડનો ભેદ ઉકેલાયો**

## ભંગાર વીણવાની માથાકૂટમાં ચોકીદારની હત્યા કરનાર આરોપી ઝડપી લેવાયો




(પ્રતિનિધિ) દાહોદ, તા.9
ગત તા. ૦૭.૦૫.ના રોજ સવારે આશરે ૮ વાગ્યાના સુમારે રળીયાતી નજીક પેટ્રોલ પંપ પાસે આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર ચોકીદાર તરીકે ફરજ બજાવતા મધુભાઈ પરમારની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતાં જ દાહોદ પોલીસના એસપીશ્રી, એએસપી, એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસમાં કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા પોલીસે ડોગ સ્કવોડ, ફોરેન્સિક, ટેકનિકલ સર્વેલન્સ તેમજ ડ્રોન સર્વેની મદદથી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં જ પોલીસને સમજાઈ ગયું હતું કે અન્યત્ર વ્યક્તિને લાશને ઘસેડીને લાવી અહીં ફેંકાયેલી છે.

આથી પોલીસે આસપાસના સીસીટીવી કેમેરા તથા ડ્રોન ફૂટેજની મદદથી આરોપીની ઓળખ કરી લીધી હતી. તપાસ દરમિયાન પોલીસે સ્થાનિકો તેમજ કન્સ્ટ્રક્શનના કર્મચારીઓની મદદથી દિપલ અણુ આમલીયારને રળીયાતી આગળ અટકાવી પકડી પાડ્યો હતો. શરૂઆતમાં આરોપીએ પોલીસ સમક્ષ અલગ-અલગ વાતો કરી હતી, પરંતુ સખત પૂછપરછ દરમિયાન આખરે તેણે ગુનાની કબુલાત કરી હતી. ભંગાર વીણવાની માથાકૂટમાં ચોકીદારના માથામાં ઉપરા છાપરી ઘા કરી હત્યા કરી.! પોલીસે આરોપીની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે હત્યા થયેલ મધુભાઈ પરમાર કન્સ્ટ્રક્શન સાઈટ પર ચોકીદાર તરીકે કામ કરતા હતા. જ્યારે આરોપી દિપલ આમલી અહીં ભંગાર વીણવા આવતો હતો. ગત રોજ સવારે આરોપી સાઈટ પર ભંગાર વીણવા આવ્યો ત્યારે મધુભાઈએ તેને રોક્યો હતો. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. મતભેદને પગલે બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો અને આરોપી દિપલે ગુસ્સામાં આવીને પાસે પડેલા પથ્થરના મોટા ટુકડાથી મધુભાઈના માથામાં ઉપરાછાપરી ઘા કરી હત્યા કરી નાખી હતી. ત્યારબાદ આરોપી લોહીલુહાણ હાલતમાં મધુભાઈને ઘસેડીને દૂર ફેંકી નાખ્યા અને ફરાર થઈ ગયો હતો.

## હાસાપુરા ગામે રાજપૂત સમાજ દ્વારા 10મો સમુહ લગ્ન યોજાયો



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.9
વાઘોડિયા તાલુકા હાસાપુરા ગામે માં આશાપુરા ગ્રુપ રાજપૂત સમાજનો દશમો સમૂહ લગ્ન મહોત્સવનું આયોજન કરાયું હતું.જેમાં 25 નવપલ્લીત વરકન્યાએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ વર્ષે પણ 25 જેટલા નવયુગલોએ એક સાથે પ્રભુતામા પગલા માંડ્યા હતા.કન્યાદાનથી માંડી, મંડપ અને ભોજનની સારી વ્યવસ્થા કરવામાં આવી હતી.

**100 જેટલા ખેડૂતો કાર્યક્રમમાં હાજર રહ્યા**

## ઝાલોદ સ્થિત બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય ખાતે ખેતીલક્ષી સેમિનાર યોજાયો



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.9
ઝાલોદ સ્થિત બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય ખાતે "ફાર્મ બ્રિજ સોશિયલ સપોર્ટ ફાઉન્ડેશન"ના સહયોગથી વિશાળ ખેડૂત સેમિનાર યોજાયો હતો, જેમાં આશરે 100 જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં પ્રાકૃતિક ખેતી, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને પાણી બચત જેવી આધુનિક પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરણા કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને હાઈડ્રોજેલ ટેક્નોલોજી દ્વારા પાણી બચત, જળ સંરક્ષણ અને પાક સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી. સાથે જ બાયોકલ્ચર ટેક્નોલોજી દ્વારા રાસાયણિક ખાતર અને જીવાતનાશક દવાઓના ખર્ચમાં ઘટાડો કરી જમીનની ઉર્વરક શક્તિ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. હવામાન પરિવર્તન સામે પાક સુરક્ષા, પાક પરિવર્તન અને કેશ ક્રોપ અંગે પણ ઉપયોગી માહિતી આપવામાં આવી. નિંદામણ નિયંત્રણ માટે લો-કોસ્ટ ટેક્નોલોજી અને મજૂરી બચત પદ્ધતિઓ સમજાવવામાં આવી, જેના કારણે ત્રણ કલાકનું કામ હવે એક કલાકમાં શક્ય બને તેવી માહિતી ખેડૂતોને આપવામાં આવી. ઓછી જમીન અને ઓછા ખર્ચે વધુ ઉપજનો સંદેશ સેમિનારમાં ફાર્મ બ્રિજના ડાયરેક્ટર રાજેશ દવે અને CEO મહર્ષિ દવે દ્વારા ઓછી જમીન, ઓછા પાણી અને ઓછા ખર્ચે વધુ ફળદ્રુપ અને આરોગ્યપ્રદ ખેતી કેવી રીતે શક્ય બને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. માઈક્રોરાઈઝા યુક્ત બાયો-કમ્પોસ્ટ દ્વારા પાક સુરક્ષા, ગુણવત્તા વધારો અને ફંગસથી રક્ષણ અંગે પણ માહિતી આપવામાં આવી.

**દેવગઢ બારીયાના આંકલીમાં કાયદાની વિચિત્ર વિસંગતતા ભર્યો બાળ લગ્નનો અનોખો કિસ્સો**

## સગીર વરરાજા, માતા-પિતા તેમજ કન્યાના પિતા સામે ગુનો નોંધાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.9
દેવગઢ બારીયા ના આંકલીમાં કાયદાની વિચિત્ર વિસંગતતા ભર્યો બાળ લગ્નના પ્રકાશમાં આવેલ કિસ્સામાં વોટ આપવા માટે 'મોટો' પરંતુ લગ્ન માટે 'નાનો' ગણાતા ૧૯ વર્ષ ૮ માસની વયના વરરાજા સામે બાળ લગ્નનો ગુનો દાખલ થયાનું જાણવા મળ્યું છે. આ બાળ લગ્નના કિસ્સાએ કાયદાકીય વિસંગતતાઓને ચર્ચાને એરણે ચઢાવી છે. આંકલી ગામના મોટા ફળિયામાં રહેતા પ્રકાશ ભીખા બારીયા અને ગંગાબેન બારીયાએ તેમના પુત્ર વિજયના લગ્ન ગત ૧૫મી એપ્રિલે ઘોંઘંબા તાલુકાના ગજાપુરા ગામના અર્જુનસિંગ બારીયાની દીકરી રેખાકુમારી સાથે કરાવ્યા હતા. વરરાજા દેખાવમાં ઘણો નાનો લાગતો હોવાથી તેના લગ્નનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેના પગલે બાળ લગ્ન પ્રતિબંધક વિભાગ અને ઝેડ એફ એક્શન માં આવી ગઈ હતી અને સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા તે વિડીયોની ખરાઈ કરવા માટે કોઈ પણ જાતનો વિલંબ કર્યા વિના તપાસ હાથ ધરી હતી. તપાસમાં વર કન્યાની વય મર્યાદા ને લઈને અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. જેમાં વરરાજા વિજયની અસલ જન્મ તારીખ ચકાસતાં લગ્ન સમયે તેની ઉંમર ૧૯ વર્ષ અને ૮ મહિના થતી હતી જ્યારે કન્યા રેખા કુમારી નો જન્મ ૧ ફેબ્રુઆરી ૨૦૦૭ ના રોજ થયો હોવાથી તેની ઉંમર ૧૮ વર્ષ ૨ મહિના અને ૧૪ દિવસ હતી.

આમ જોઈએ તો કન્યા પુખ્ત વયની હતી પરંતુ ભારતીય કાયદા મુજબ લગ્ન માટે યુવકની ઉંમર ૨૧ વર્ષ હોવી અનિવાર્ય હોવાથી આ લગ્ન બાળ લગ્નની વ્યાખ્યામાં આવતા હોવાથી આ લગ્નને કાયદા મુજબ બાળ લગ્ન ગણવામાં આવ્યા અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી મનીષકુમાર કાપડિયાએ ગત ૯ મે ના રોજ શારદાકૃપા પોલીસમાં જઈ આ સંબંધે વરરાજા તેના માતા પિતા તેમજ કન્યાના પિતા સામે સાગઠાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વરરાજા તેના માતા પિતા તથા કન્યાના પિતા વિરુદ્ધ બાળ લગ્ન સબ ગુનો દાખલ કર્યો છે.

આ કિસ્સા નું સૌથી મહત્વનું પાસું એ છે કે વિજય ૧૮ વર્ષ વટાવી ચૂક્યો હોવાથી તે મતાધિકાર માટે 'પુખ્ત' ગણાય છે પરંતુ લગ્ન માટે કાયદાકીય રીતે હજુ તે 'બાળક' છે. સામાન્ય રીતે સગીરો સામેના કે જુવેનાઈલ બોર્ડમાં ચાલે છે પરંતુ વિજય ૧૮ વર્ષથી ઉપરનો હોવાથી તેની સામે સામાન્ય અદાલતમાં 'પુખ્ત ગુનેગાર' તરીકે કેસ ચાલી શકે છે.

**કાયદેસરનુ લ્હેણુ સાબિત કરી ન શકતા કોર્ટનો ચુકાદો**

## આરોપીને ચેક રીટર્ન કેસમાં વડોદરા કોર્ટે નિર્દોષ જાહેર કરી છોડી મુક્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.9
વડોદરાના સંજયપાર્ક મા રહેતા અને પોર જીઆઈડીસીમાં શ્રી સાંઈ એગ્રો ઓર્ગેનીક નામથી ખાતર બનાવવાનો ધંધો કરતા રાજેન્દ્ર ગણપતરાવ સુર્વે એ અમદાવાદ અમરાઈવાડીમાં રહેતા ભાવેશભાઈ ગૌડ સામે ચેક રીટર્ન ની ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી ભાવેશભાઈ ગૌડ મોબાઈલ એસેસરી અને ફાઈનાન્સ નો ધંધો કરે છે જેની જાણ ફરિયાદીના મિત્ર પરેશભાઈ અને વિપુલ શર્મા મારફતે થઈ હતી અને ત્યારથી આરોપીને ઓળખતા હોય ફરિયાદીને કોરોના સમયે ધંધો મંદો પડતા કંપની સામે 3 કરોડ રૂપિયાની જરૂર પડી હતી જેથી આરોપીએ જણાવેલ કે આટલી મોટી રકમ માટે તમારે પ્રોસેસ ફી રૂ 1 લાખ જમા કરાવવી પડે જો લોન પાસ ન થાય તો પ્રોસેસ ફી પરત આપવાનો વિશ્વાસ આપ્યો હતો જેથી ફરિયાદીએ એક લાખ આપ્યા હતા જે બાદ આરોપીએ લોન અંગેનો કોઈ પ્રોસેસ કરાવેલ નહીં કે કોઈ વેલ્યુએશન પણ કરાવી નહીં ફરીયાદીએ કડક ઉઘરાણી કરતા તા ૩૦/૦૩/૨૦૨૨ નો ચેક આપ્યો હતો જે ચેક,₹પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅરર ના શેરા સાથે રિટર્ન થયો હતો જે બાદ વડોદરાના બીજા એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ સમક્ષ ચેક રીટર્ન ની ફરિયાદ દાખલ કરી હતી જેમા આરોપી તરફે એડવોકેટ એન એ ગાંધી હાજર રહ્યા હતા જેઓની ઊલટ તપાસમાં આરોપીને રૂ ૧ લાખ ક્યારે કઈ તારીખે આપ્યા તે ચોક્કસ યાદ નથી. એક લાખ આપ્યા તેની કોઈ નોંધ કરી નથી કે હિસાબમાં જણાવેલ નથી. આરોપી ફાઈનાન્સ નો ધંધો કરતા હોવાનો કોઈ પુરાવો રજૂ કર્યો નથી. આરોપીની ઓળખાણ જેમના મારફતે થઈ હતી તેવા કોઈ સાહેદ તપાસેલ નથી વધુમાં આરોપીને ટુકડે ટુકડે પૈસા આપ્યા હોવાનું પણ સ્વીકારેલ છે પણ તેનો કોઈ પુરાવો રજૂ કરતા નથી સમગ્ર મામલે આરોપીના એડવોકેટ એન એ ગાંધી ની દલીલો ગ્રાહ્ય રાખી વડોદરાના બીજા એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ કુ. એ એસ શેખ દ્વારા આરોપીએ ફરિયાદીને આપેલ ચેક કાયદેસના લ્હેણા પેટે આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થતી નથી તેથી આરોપી ભાવેશભાઈ ગૌડ ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.